

બીમારી અભિશાપ છે, સારવાર આશીર્વાદ છે.

GURUPREM
TERMINAL CARE HOSPITAL

www.gurupremterminalcare.com

# બીમાર વ્યક્તિઓને આશીર્વાદ રૂપ બની રહે એવી ઉત્કૃષ્ટ સારવાર આપીને, એમના આશીર્વાદ પામવાની ભાવના સાથે અમદાવાદમાં શરૂ કરાયેલી અદ્યતન ટર્મિનલ કેર હોસ્પિટલ

GURUPREM
TERMINAL CARE HOSPITAL

## ટર્મિનલ કેર એટલે શું ?

ટર્મિનલ કેર એટલે દર્દીની લાંબા સમયની આવશ્યક સારવાર.
આપણે જાણીએ છીએ કે કેટલીક બીમારીઓ દર્દીને પૂર્ણરૂપે પરાવલંબી અને પથારીવશ બનાવી મૂકે છે. ક્યારેક તો તે કોમામાં ચાલ્યો જાય છે. બ્રેન-ડેડ, મગજની બીમારી, સ્પાઇનની સમસ્યા, હૃદયની બીમારી, ફેફસાંની બીમારી ઉપરાંત નિદાન જ ન થઈ શકે તેવી કેટલીક ગંભીર બીમારીઓમાં દર્દીને એક મહિનાથી લઈને એક વર્ષ સુધી કે તેથી પણ વધુ સમય સુધી સારવાર લેવી પડે છે. આવી સારવારને 'ટર્મિનલ કેર' કહેવામાં આવે છે.
સામાન્ય રીતે એમ સ્વીકારી લેવામાં આવે છે કે લાંબા સમયની આવી અસાધ્ય બીમારીનું અંતિમ રિઝલ્ટ દર્દીનું મૃત્યુ જ હોય છે, પરંતુ હંમેશા એવુ બનતું નથી. દર્દીને યોગ્ય સારવાર મળે તો એ સાજો થઈ પણ શકે છે. મોટે ભાગે લાંબી બીમારીના આવા દર્દીને કોઈ જાણીતી હોસ્પિટલના આઈ.સી.યુ.માં રાખવામાં આવે છે, પરંતુ હોસ્પિટલમાં ક્યારેક એવા દર્દીઓની ભીડને કારણે તો કોઈ વખત દર્દીનાં સ્વજનોની હાલતનો વિચાર કરીને ડૉક્ટર એવા દર્દીને ઘેર લઈ જવાની સલાહ આપે છે. ક્યારેક દર્દીનાં સગા-સ્વજનો પોતાની આર્થિક તકલીફને કારણે લાચાર બનીને, સામે ચાલીને દર્દીને ઘરે લઈ જવાની માગણી કરે છે. છતા એવા દર્દીની સારવાર તો આવશ્યક હોય જ છે. એટલે છેવટે, ઘરમાં જ લગભગ હોસ્પિટલ જેવી પ્રાથમિક સુવિધાઓ ગોઠવવી પડે છે. જેમકે દર્દી માટેનો પલંગ, વિવિધ નર્સિંગ કેર માટે તેમજ દર્દીનું ધ્યાન રાખવા માટે યોગ્ય સ્ટાફ, વિવિધ મશીનો જેમકે ઓક્સિજન સક્શન, નેબ્યુલાઈઝર, બીપી-ડાયાબિટીસની તપાસ, ગ્લુકોઝ અથવા બ્લડના બાટલા ચઢાવવા માટેનાં સ્ટેન્ડ વગેરે.
લાંબા સમયની અસાધ્ય બીમારીનો શિકાર બનેલા દર્દીઓ લગભગ બેભાન/અર્ધબેભાન અવસ્થામાં કે કોમામાં હોય છે. તેઓ પોતાની જરૂરતો જણાવી શકતા નથી અને જાતે પૂરી કરી શકતા નથી. તેમને સમયસર તથા ડૉક્ટરની સૂચના મુજબ આહાર-પાણી આપવા, દર્દીને મળ-મૂત્ર જેવી કુદરતી હાજતો કરાવવી અને તેની સાફ-સફાઈ કરવી, તેમનાં ઝાડા-ઊલટી, ગળફા વગેરેનો તરત જ નિકાલ કરવો, એમને નવડાવવા કે તેમના શરીરે સ્પંજ કરવું, તેમને દરરોજ બ્રશ કરાવવો, તેમને કપડા બદલાવવા, તેમના વાળ ઓળવવા, તેમના હાથ-પગની આંગળીના નખ કાપવા, સમયસર દવાઓ આપવી, તેમના પલંગની ગાદી-ચાદર બદલવી, દર્દીના રૂમની કચરા-પોતા દ્વારા સફાઈ કરવી વગેરે બાબતોની ચીવટ રાખવી અનિવાર્ય હોય છે. વળી, આ બધી પ્રવૃત્તિઓ કાંઈ એકાદ-બે દિવસ પૂરતી નથી હોતી, લાંબા સમયની હોય છે. તેથી પરિવારના સ્વજનો પણ થાકી જાય છે અને ક્યારેક હિમ્મત હારી બેસે છે.
દર્દી માટે સ્વજનોની ગમે તેટલી ઉત્તમ અને લાગણીસભર સેવાભાવના હોય તોપણ ક્યારેક ઘરની સંકડાશ તો ક્યારેક આર્થિક સંકડાશ એમાં અવરોધ બને છે. આજના માણસ પાસે સમયની સંકડાશ પણ છે જ ! વળી દર્દીને ઘરે રાખવામાં આવે એટલે એની ખબર પૂછવા આવનારા લોકોનો ધસારો પણ દર્દી માટે અને પરિવારજનો માટે અડચણરૂપ બને. એવી વિકટ પરિસ્થિતિમાં દર્દીની સારવાર રઝળી ન પડે કે દર્દીને વધારાની અણધારી નવી તકલીફો આવી ન પડે એ હેતુથી એને ટર્મિનલ કેર માટે વ્યાજબી દરના કોઈ સુવિધાપૂર્ણ સ્થળે રાખવાનું હિતાવહ અને અનિવાર્ય બની જાય છે.
દર્દી અને દરિદ્રની સેવા એ સાચુ તપ છે, એવી પ્રેરણા આપતા ગુરુવર, **પ. પૂ. તપાગચ્છાધિપતી આ. શ્રી. વિ. પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબના આશીર્વાદ** તથા વર્ષોના અનુભવી ડૉ. સતીષભાઈ ચિખલકર સાહેબના માર્ગદર્શનથી અમે અત્યંત આધુનિક વ્યવસ્થાઓ સાથે ટર્મિનલ કેરની વ્યવસ્થા શરૂ કરી. દર્દીને હોસ્પિટલના ચિંતા, તનાવ અને દહેશતભર્યા માહોલથી મુક્ત કરીને ઘર જેવા વિશ્વસનીય વાતાવરણ અને તાજગીસભર નૈસર્ગિક હવા-ઉજાસની સાથેસાથે શુદ્ધ સાત્વિક આહાર-પાણીની સુવિધાઓ પૂરી પાડવાના ભાવનાત્મક ઉદ્દેશથી ગુરુપ્રેમ ટર્મિનલ કેર હોસ્પિટલ સક્રિય છે. અહીં દર્દીઓ અને એમના સ્વજનો માટે 'આફતમાં રાહત' જેવી સેવાઓ તદ્દન વ્યાજબી દરથી ઉપલબ્ધ છે.


**અમે ઈચ્છીએ છીએ કે અમારી સેવાઓ કોઈને, ક્યારેય લેવી જ ન પડે ! છતા જરૂર પડે તો આપ અમને સેવાનો લાભ આપવા સાદર આમંત્રિત છો.**

# ગુરુપ્રેમ ટર્મિનલ કેર હોસ્પિટલમાં અલ્ટ્રાલેટેસ્ટ ઉપલબ્ધ સુવિધાઓ



## સેન્ટ્રલાઇઝ પેશન્ટ મોનિટરિંગ સિસ્ટમ

તદ્દન અદ્યતન મલ્ટી પેરામીટર પેશન્ટ–મોનિટરિંગ સોફ્ટવેર દ્વારા અહીં નર્સિંગ ડેસ્ક તથા ડૉક્ટર ડેસ્ક પર એક જ જગ્યાએથી દરેક પેશન્ટ ના પેરામીટર નું તમામ અવલોકન કરી શકાય છે.



## સેન્ટ્રલાઇઝ ઓક્સિજન અને સકશન સિસ્ટમ

બહુ ઓછી ટર્મિનલ કેર હોસ્પિટલમાં ઉપલબ્ધ હોય છે તેવી પ્રેશર મેન્ટેનર તથા કંટ્રોલર સહિતની દરેક પલંગ પર પહોંચતી ઓક્સિજન, એર અને વેક્યુમ લાઈન તથા પોર્ટેબલ ઓક્સિજન અને સકશનની સુવિધા ગુરુપ્રેમ ટર્મિનલ કેર હોસ્પિટલમાં ઉપલબ્ધ છે.



## 24 કલાક મેડીકલ ઓફિસ

આ હોસ્પિટલમાં ચોવીસે કલાક અનુભવી મેડિકલ ઓફિસર ઉપસ્થિત રહેતા હોવાથી દર્દીને આકસ્મિક જરૂર પડે ત્યારે તાત્કાલિક યોગ્ય સારવાર મળી રહે છે.



## 24 કલાક નર્સિંગ કેર અને સપોર્ટિવ સ્ટાફ

આ હોસ્પિટલમાં શિક્ષિત, અનુભવી તથા પ્રેમાળ નર્સિંગ સ્ટાફ પર્યાપ્ત સંખ્યામાં છે. વધારામાં સપોર્ટિવ સ્ટાફ પણ મોટી સંખ્યામાં છે, તેથી દર્દીને વ્યક્તિગત કાળજીપૂર્વકની સારવાર મળી રહે છે.



## 24 કલાક ઈન હાઉસ ફૂડ–સર્વિસ

હોસ્પિટલમાં જ અનુભવી રસોઈયા દ્વારા ખૂબ કાળજીપૂર્વક શુદ્ધ અને સાત્વિક રસોઈ તૈયાર કરાવવામાં આવે છે, અને દર્દીને ડોક્ટરના માર્ગદર્શન મુજબ સમયસર આપવામાં આવે છે. આ કારણે દર્દીનાં સગા–સ્વજનોએ ટિફિન વગેરેની વ્યવસ્થા કરવાની રહેતી નથી.



## ઈન હાઉસ ફાર્મસી

દર્દી માટે આવશ્યક દવાઓ વાજબી દરે મળે, જરૂર જેટલી જ ખરીદવાની રહે અને દવા મેળવવા માટે દૂર દૂર સુધી ધક્કા ખાવા ન પડે એ માટે અહીં ઈન હાઉસ ફાર્મસીની વ્યવસ્થા પણ છે, જેથી દર્દીનાં સગાંઓને આર્થિક અને શારીરિક રાહતનો અનુભવ થાય છે.




## ફિઝિયોથેરાપી

જે દર્દીને ફિઝિયોથેરાપીની જરૂર હોય તેના માટે અનુભવી ફિઝિયોથેરાપિસ્ટ કાયમી વિઝિટ દ્વારા પેશન્ટને અહીં ફિઝિકલ એક્સરસાઇઝ કરાવે છે.




## ડાયેટિશિયન

લાયકાત ધરાવતા અનુભવી ડાયેટિશ્યન દ્વારા દર્દીની બીમારીને અનુરૂપ આહારનું માર્ગદર્શન આપવામાં આવે છે. રસોઈયાને ખાસ સૂચના આપીને એ મુજબ રસોઈ કરાવવામાં આવે છે. રસોઈનું ટેસ્ટિંગ કરીને પેશન્ટને આપવામાં આવે છે.



## 24 કલાક પેશન્ટ લાઈવ કનેક્ટિવિટી

આ હોસ્પિટલ કલોઝ ડોર હોસ્પિટલ છે. અહીં દર્દીનાં સગાંઓને વારંવાર મળવા આવવા દેવાતાં નથી... પરંતુ લેટેસ્ટ ટેકનોલોજી દ્વારા દરેક પેશન્ટના બેડ પર લાઈવ વીડિયો કોન્ફરન્સિંગ વ્યૂની વ્યવસ્થા હોવાથી તેનાં સગા–સ્વજનો પોતાના ઘર કે ઓફિસથી અને દુનિયાની કોઈપણ જગ્યાએ થી ઓન લાઈન દર્દીની પ્રવૃત્તિ અને હલચલ મોબાઈલ દ્વારા જીવંત (લાઈવ) નિહાળી શકે છે.



## સેન્ટ્રલાઇઝ એર કન્ડીશનર

અમદાવાદ જેવા શહેરમાં પ્રદૂષણ અને ગરમીનું પ્રમાણ સતત વધી રહ્યું છે... આવા સંજોગોમાં દર્દીને રાહત મળે એ માટે ગુરુપ્રેમ ટર્મિનલ કેર હોસ્પિટલ સંપૂર્ણપણે સેન્ટ્રલાઇઝ એર કન્ડીશનર તથા હવા શુદ્ધતા (એર પ્યોરિફિકેશન) સાથે બનાવેલી છે.

**અમે બિલકુલ નથી ઈચ્છતા કે અમારી સેવાઓની કોઈને, ક્યારેય જરૂર પડે ! છતા આપના પરિવારમાં કોઈને જરૂર પડે તો અમને સેવાનો લાભ અવશ્ય આપશો. ગુરુપ્રેમ ટર્મિનલ કેર હોસ્પિટલની આ વિગતો આપનાં નજીકનાં સ્વજનો–મિત્રો અને પાડોશીઓ સુધી પણ પહોંચાડવા આગ્રહ છે... જેથી તેમના પરિવારને પણ લાંબી બીમારીની આવી વિકટ પરિસ્થિતિમાં લાભ અને રાહત મળી શકે.**


બીમારીને અટકાવવાનું ભલે ને તમારા હાથમાં ન હોય,
સારવારની મોંઘવારી અટકાવવાનું તમારા હાથમાં છે !
શ્વાસ કોઈને ઉછીનો કે ઉધાર આપી શકાતો નથી, એટલે પોતાના શ્વાસને ઉત્સાહથી છલોછલ રાખવો જોઈએ... દર્દી બીમારીથી થાકી–હારી જાયતો એની સારવારનું યોગ્ય પરિણામ ન મળે ! દર્દી બીમારી સામે ઝઝૂમવાનું સામર્થ્ય કેળવે તો એની સારવારનું બમણું પોઝિટિવ રિઝલ્ટ મળી શકે ! ગુરુપ્રેમ ટર્મિનલ કેર હોસ્પિટલમાં દર્દી સાથે થતો હૂંફાળો અને આત્મીય વ્યવહાર તેને પોતાની ગમે તેવી ગંભીર બીમારી સામે ઝઝૂમવાનું નવું જોશ આપે છે !
સંપૂર્ણ પથારીવશ અને કોમાના દર્દીઓની સારવાર માટે
ગુજરાતમાં સૌપ્રથમ સુવિધા–સમૃદ્ધ ટર્મિનલ કેર હોસ્પિટલ
GURUPREM
TERMINAL CARE HOSPITAL

GURUPREM
TERMINAL CARE HOSPITAL


**ગુરુપ્રેમ ટર્મિનલ કેર હોસ્પિટલ**

D /2&3, સહજાનંદ કોમ્પલેક્ષ, જયમંગલ બી.આર.ટી.એસ. બસસ્ટેન્ડ પાસે,
૧૩૨ ફૂટ રિંગ રોડ, નારણપુરા, અમદાવાદ–380013

079-27460108 +917071080108 contact@gurupremterminalcare.com gurupremterminalcare.com